Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨020/૪૬૯૮

તા.૧૫/૧૨/૨૦૨૦

પરિપત્ર- ૨૨૭૪

વિષય- રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીજીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત.

સંદર્ભ- (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનો તા.૦૮/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: ઙ-૨/સ્કો/૨૦૨૦/૨૭૦-૭૪૯.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રો/અનુસ્નાતક ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા તથા સંસોધનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરેલ છે. જે અન્વયે સંદર્ભ દર્શિત પત્રમાં જણાવેલ સૂચનાઓ મુજબ તા.૦૫/૦૧/૨૦૨૧ સુધીમાં વેબએડ્રેસ http://www.digitalgujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. પત્રમાં જણાવેલ માહિતી વધુથી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે અર્થે કોલેજના નોટીસ બોર્ડ પર માહિતી પ્રસિદ્ધ કરવા તથા અન્ય માધ્યમથી વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને કોઈ વિદ્યાર્થી ઉક્ત શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખી ટોચ અગ્રતાએ કાર્યવાહી કરવા વિનંતી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રો/અનુસ્નાતક ભવનોના આચાર્યશ્રીઓ/ઇન્ચાર્જશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

1946

# કમિશનરશ્રી,ઉચ્ચશિક્ષણની કચેરી

## શિષ્યવૃતી શાખા,બ્લોક નં-૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન

## ગાંધીનગર,ગુજરાત રાજ્ય.

સત્યમેવ જયતે

ક્રમાંક : હ-૨/સ્કો/૨૦૨૦/૨૭૦-૭૪૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ૧૨/૨,
ડો જીવરાજ મહેતા ભવન
ગુ.રા., ગાંધીનગર
તા: ૮/૧૨/૨૦૨૦

Shri Govind Guru University
GODHRA
Inward No. : 2803
Date : 10/12/2020
Branch :

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સિટીઓ, (સરકારી)
- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ...

વિષય : રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ
ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ ના શેરા ક્રમાંક : હ-૨/સ્કો/૨૦૧૭/૧૬૦૭-૨૧૩૯

શ્રીમાન,

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃતિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃતિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જેનો અમલ કરવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે (૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃતિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે (૨) સંશોધન શિષ્યવૃતિ યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે વિકસાવવામાં આવેલ ઓન લાઈન પોર્ટલની મદદથી ગયા વર્ષે શિષ્યવૃતિ ચૂકવવામાં આવેલ હતી.

E-mail :-dduniversity-che@gujgov.edu.in
E-mail :-ssuniversity-che@gujgov.edu.in

phone-07923253994.
phone-07923254022.

Scanned with CamScanner

# કમિશનરશ્રી,ઉચ્ચશિક્ષણની કચેરી

## શિષ્યવૃતી શાખા,બ્લોક નં-૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન

## ગાંધીનગર,ગુજરાત રાજ્ય.

सत्यमेव जयते


જેનું વેબએડ્રેસ https://WWW.digitalgujarat.gov.in છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૨૦-૨૧ ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે જણાવવામાં આવે છે. જેમાં અરજી કરવાની છેલ્લી તા.૦૫/૦૧/૨૦૨૧ નિયત થયેલ છે. યોજનાની વિગતો પોર્ટલ ઉપર મુકવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

સરકારશ્રી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃતિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ સંશોધન શિષ્યવૃતિનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે કોલેજ/સંસ્થાના નોટીસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃતિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરશો.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને અને સદર કાર્યવાહી તા.૦૫/૦૧/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સુચના આપવા જણાવવામાં આવે છે.

ઓફ લાઈન મેન્યુઅલ અરજી પત્રકો અત્રે સ્વીકારવામાં આવતા નથી. તેની જાણ સબંધિત વિધાર્થીઓને કરશો. તેમજ આપની કોલેજનો કોઈ વિધાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખીને આ બાબતને ટોચ અગ્રતા આપીને કાર્યાવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ ઉપર માન. આયુકતશ્રીના આદેશાનુસાર

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગાંધીનગર


E-mail :-dduniversity-che@gujgov.edu.in
E-mail :-ssuniversity-che@gujgov.edu.in

phone-07923253994.
phone-07923254022.


Scanned with CamScanner